* R R - 0 3 0 9 - R / 1 2 0 0 *

# RR-0309-R

## First Year B. Com. Examination

### March / April – 2010

## Financial Accounting

Time : Hours] [Total Marks : **70**

**સૂચના :**

(૧)

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
**Fillup strictly the details of ☛ signs on your answer book.**

Name of the Examination :
☛ **F.Y. B.COM.**

Name of the Subject :
☛ **FINANCIAL ACCOUNTING**

☛ Subject Code No. : **0 3 0 9** ☛ Section No. (1, 2,.....) : **NIL**

Seat No. :

Student's Signature

(૨) પ્રશ્ન નં.૧ ફરજિયાત છે.

(૩) પ્રશ્ન નંબર-૨થી ૬ના ગુણ સરખા છે.

(૪) તમામ જરૂરી ગણતરી દર્શાવો.

૧ (૧) અમરોલીની શાખાએ સુરતની મુખ્ય ઓફિસને રૂ. ૫,૦૦૦ તા.૨૯-૩-૨૦૦૯ના રોજ મોકલ્યા હતા જે મુખ્ય ઓફિસને તા.૩-૪-૨૦૦૯ના રોજ મળ્યા હતા. હિસાબી વર્ષ ૩૧મી માર્ચના રોજ પૂરું થાય મુખ્ય ઓફિસ તથા શાખા બંનેના ચોપડામાં આમનોંધ લખો. **૧૦**

(૨) સુરતના સ્નેહે દરેક રૂ. ૧૦૦ની એક એવી ૫૦૦૦ પ્લાસ્ટિક પાઈપો મુંબઈના હેતને આડતથી વેચવા મોકલી રૂ. ૨૦,૦૦૦ નૂર અને વીમા પ્રીમિયમના ચુકવ્યા. રસ્તામાં ૫૦૦ પાઈપો આગથી નાશ પામી જેનો વીમા કંપનીએ રૂ. ૪૦,૦૦૦નો દાવો મંજૂર રાખ્યો. અસામાન્ય નુકસાનની આમનોંધ આપો.

(૩) નીચે આપેલ મિલકતોનું દશ્ય મિલકત, અદશ્ય મિલકત અને અવાસ્તવિક મિલકતોમાં યોગ્ય વર્ગીકરણ કરો.

રેલવે સાઈડિંગ, પાઘડી, જાહેરાત ઉપલક ખાતું, વિકાસ ખર્ચ, પેટન્ટ્સ, ફર્નિચર, રોકડ, ટ્રેડમાર્ક.

(૪) આજુ, બાજુ અને કાજુ અનુક્રમે ૬:૮:૪ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. તેઓની મૂડી અનુક્રમે રૂ. ૧૪,૦૦૦, ૭,૦૦૦ અને ૬,૦૦૦ છે. મિલકતો વેચતાં પ્રથમ હપ્તો રૂ. ૧૧,૨૫૦ ઉપજ્યો. આ હપ્તાની વહેંચણી મૂડી વધારાની પદ્ધતિએ કરો.

(૫) ગિરનાર, હિમાલય, સાપુતારા અને આબુ સરખા હિસ્સે નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમની મૂડી અનુક્રમે રૂ. ૨૫,૦૦૦ (જમા), રૂ. ૧૦,૦૦૦ (જમા), રૂ. ૧૦,૦૦૦ (ઉધાર) અને ૧૫,૫૦૦ (ઉધારબાકી) દર્શાવે છે. માલમિલકત ખાતાની ખોટ રૂ. ૧૦,૦૦૦ છે. આબુ નાદાર છે. તેની મિલકતમાંથી કોઈ રકમ મળી શકી નથી. ભાગીદારી પેઢીના ચોપડે આબુ મૂડીતૂટ અંગે ગાર્નર વિ. મૂરેના ચુકાદા મુજબ આમનોંધ લખો.

૨ વિનોદ રેડિયોએ વિનસ રેડિયો સર્વિસને તા.૧-૩-૨૦૦૯ના રોજ ૫૦૦ રેડિયો આડત પર વેચવા મોકલી આપ્યા. દરેક રેડિયોની મૂળ કિંમત રૂ. ૬૦૦ હતી. પરંતુ કાચું ભરતિયું ભરતિયા કિંમત પર ૨૫ ટકા નફો દર્શાવે તે કિંમતે બનાવવામાં આવ્યું. વિનોદ રેડિયોએ નીચે મુજબ ખર્ચા ચુકવ્યા.

ગાડીભાડું રૂ. ૧,૦૦૦ નૂર રૂ. ૧૫,૦૦૦ વીમો રૂ. ૧૨,૫૦૦.

વિનસ રેડિયો સર્વિસે રૂ. ૧,૨૨,૦૦૦નો બેંકડ્રાફ્ટ મોકલી આપ્યો.

તા.૩૦-૬-૨૦૦૯ના રોજ વિનસ રેડિયો સર્વિસે વેચાણ આંકડો અને દેવી રકમનો બેંકડ્રાફ્ટ મોકલી આપ્યો. વેચાણ આંકડા પ્રમાણે તેણે ૩૦૦ રેડિયો દરેક રૂ. ૮૨૦ની કિંમતે રોકડેથી વેચ્યાં. ૫૦ રેડિયો દરેક રૂ. ૮૫૦ની કિંમતે વિજયને શાખ પર વેચ્યા તથા ૨૦ રેડિયો દરેક રૂ. ૮૪૦ની કિંમતે કમલને વિનોદ રેડિયોની ભલામણ અને જવાબદારીથી વેચ્યા હતા. માલ છોડાવવા જકાતના રૂ. ૩,૫૦૦ થયા. વેચાણ ખર્ચ રૂ. ૫,૨૨૫ થયો. વિજય અને કમલ નાદાર થયા. તેમની મિલકતમાંથી ૮૦ ટકા રકમ વસૂલ કરી શક્યા.

વિનસ રેડિયો સર્વિસને વેચાણ પર ૫ ટકા આડત અને ઉધાર વેચાણ પર ૨ ટકા આસામી આડત આપવામાં આવે છે. વિનસ રેડિયો આડત, આસામી આડત અને નફાનો ભાગ બાદ કર્યા પછીના થયેલા ચોખ્ખા નફાનો ૧/૭ ભાગ લેવા હકદાર છે. આડત માલ ખાતું તૈયાર કરો.

**અથવા**

૨ સ્નેહની ભરૂચમાં એક શાખા છે. મુખ્ય ઓફિસ શાખાને મૂળકિંમત પર ૨૫ ટકા નફો ચઢાવીને ભરતિયા કિંમતે માલ મોકલે છે. શાખા રોકડ તેમજ ઉધાર વેચાણ કરે છે. શાખાના તમામ ખર્ચાઓ મુખ્ય ઓફિસેથી ચુકવાય છે. પરચૂરણ ખર્ચ માટે મુખ્ય ઓફિસ શાખાને પેટા રોકડ મોકલી આપે છે. શાખા મળેલ રોકડ રોજ મુખ્ય ઓફિસના બેંક ખાતામાં જમા કરાવી દે છે. નીચે દર્શાવેલી વિગત પરથી મુખ્ય ઓફિસના ચોપડામાં તા.૩૧-૩-૨૦૦૯ના રોજ પૂરા થતાં વર્ષ માટે શાખા ખાતું, શાખાનું વેપાર ખાતું અને ન.નુ. ખાતું તૈયાર કરો.

| વિગત | ૩૧-૩-૨૦૦૮ | ૩૧-૩-૨૦૦૯ |
|---|---|---|
| દેવાદારો | ૪૮,૭૫૦ | ૫૪,૦૦૦ |
| ફર્નિચર | ૧૨,૦૦૦ | ? |
| પેટા રોકડ | ૬૭૫ | ૫૨૫ |
| સ્ટોક (ભરતિયા કિંમતે) | ૭૮,૭૫૦ | ૭૧,૨૫૦ |
| ભાડું ચુકવવાનું બાકી | ૯૦૦ | |
| મજૂરી અને પગાર ચુ. બાકી | – | ૧,૧૨૫ |

**અન્ય માહિતી**

| | |
|---|---|
| શાખાને મોકલેલ માલ (ભ.કિ.) | ૨,૦૬,૨૫૦ |
| શાખાને મોકલેલ ફર્નિચર (૧-૭-૨૦૦૯) | ૯,૭૫૦ |
| શાખાએ પરત કરેલો માલ (ભ.કિ.) | ૮,૨૫૦ |
| રોકડ વેચાણ | ૫૬,૨૫૦ |
| કુલ વેચાણ | ૨,૮૮,૭૫૦ |
| દેવાદારોએ પરત કરેલ માલ | ૧૨,૭૫૦ |
| દેવાદારોને આપેલ વટાવ | ૧,૧૨૫ |
| ઘાલખાધ | ૪,૫૦૦ |
| દેવાદારોએ મુખ્ય ઓફિસને સીધી મોકલેલ રોકડ | ૫૧,૦૦૦ |
| **મુખ્ય ઓફિસે ચુકવેલ ખર્ચા** | |
| મજૂરી અને પગાર | ૧૦,૫૦૦ |
| ભાડું | ૧૧,૪૦૦ |
| વીમો (૩૦-૬-૨૦૦૯) | ૩,૬૦૦ |
| જાહેરાત ખર્ચ | ૯,૭૫૦ |
| શાખાને મોકલેલ પેટારોકડ | ૨૨૫ |

ફર્નિચર પર વાર્ષિક ૮ ટકા ઘસારો ગણો

૩ ઓ, પી અને ક્યુ સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે.

**તા.૩૧-૩-૨૦૦૯ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી દેવા | રકમ રૂ. | મિલકતો | | રૂ. |
|---|---|---|---|---|
| મૂડી ખાતાં | | પાઘડી | | ૧૦,૦૦૦ |
| ઓ | ૨૭,૦૦૦ | મકાન | | ૩૦,૦૦૦ |
| પી | ૧૭,૦૦૦ | સ્ટોક | | ૧૫,૦૦૦ |
| ક્યુ | ૧૧,૦૦૦ | દેવાદારો | ૨૫,૦૦૦ | |
| સામાન્ય અનામત | ૩,૦૦૦ | બાદ ઘાલખાધ | ૫,૦૦૦ | ૨૦,૦૦૦ |
| બેંક લોન | ૩૦,૦૦૦ | રોકડ | | ૧૬,૦૦૦ |
| લેણદારો | ૧૨,૦૦૦ | ન.નુ. ખાતું | | ૯,૦૦૦ |
| | **૧,૦૦,૦૦૦** | | | **૧,૦૦,૦૦૦** |

તા.૧-૪-૨૦૦૯ના રોજ પેઢીનું વિસર્જન થયું. વિસર્જન અંગે નીચેની માહિતી પ્રાપ્ત થઈ છે.

(૧) ઓ એ મકાન રૂ. ૨૦,૦૦૦માં લીધું અને બેંક લોન રૂ. ૫,૦૦૦ના વ્યાજ સહિત ચુકવવાનું સ્વીકાર્યું.

(૨) સ્ટોકના રૂ. ૧૩,૦૦૦ ઉપજ્યા અને દેવાદારોને ૫ ટકા વટાવ આપી નાણાં વસૂલ કર્યાં.

(૩) લેણદારોને ૧૦ ટકા વટાવે રકમ ચુકવી દીધી.

(૪) રૂ. ૭,૦૦૦ની વટાવેલી લેણીહૂંડી નકરાઈ જેના નાણાં ચુકવી આપ્યા.

(૫) ચોપડે નહીં નોંધાયેલ રૂ. ૩,૦૦૦ના રોકાણોના રૂ. ૨,૦૦૦ ઉપજ્યા.

(૬) પી એ વિસર્જન ખર્ચ ચુકવવાનું સ્વીકાર્યું જેના બદલામાં પેઢીએ રૂ. ૧,૨૦૦ આપવાનું નક્કી કર્યું. ખરેખર વિસર્જન ખર્ચ રૂ. ૧,૦૦૦ થયો.

(૭) ક્યુ નાદાર જાહેર થયો તેની અંગત મિલકતમાંથી કશું મળે એમ નથી.

ઉપરોક્ત માહિતી પરથી ગાર્નર વિ. મુરેના ચુકાદા મુજબ પેઢીના ચોપડા બંધ કરવા માટે તૈયાર કરો :

(૧) માલમિલકત નિકાલ ખાતું

(૨) ભાગીદારોના મૂડી ખાતાં અને રોકડ ખાતું

**અથવા**

૩ ગીત, સંગીત અને સૂર-ભાગીદારો ૫:૩:૨ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. તેમનું ૩૧-૩-૨૦૦૯ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

| **મૂડી દેવાં** | | **રકમ** | **મિલકત-લેણાં** | **રકમ** |
|---|---|---|---|---|
| મૂડી ખાતાં : | | | જમીન-મકાન | ૧,૨૮,૦૦૦ |
| ગીત | ૭૫,૦૦૦ | | મશીનરી | ૬૦,૦૦૦ |
| સંગીત | ૪૫,૦૦૦ | | રોકાણો | ૧૨,૦૦૦ |
| સૂર | ૬૫,૦૦૦ | ૧,૮૫,૦૦૦ | લેણીહૂંડી | ૫,૨૦૦ |
| લેણદારો | | ૪૫,૦૦૦ | સ્ટોક | ૯,૦૦૦ |
| દેવીહૂંડી | | ૬,૫૦૦ | સ્ટોક તથા બેંક | ૧૨,૮૦૦ |
| ખર્ચ ચુકવવાનો બાકી | | ૫૦૦ | જાહેરાત ઝુંબેશ | ૧૫,૦૦૦ |
| અનામત ભંડોળ | | ૫,૦૦૦ | | |
| | | **૨,૪૨,૦૦૦** | | **૨,૪૨,૦૦૦** |

પેઢીનો ધંધો નીચેની શરતોએ ગીત-સંગીત લિમિટેડને વેચ્યો :

(૧) મિલકતોના મૂલ્યાંકનમાં મશીનરી રૂ. ૮૦,૦૦૦, સ્ટોક રૂ. ૧૨,૦૦૦, જમીન-મકાન રૂ. ૬૨,૮૦૦.

(૨) અન્ય મિલકતો (રોકડ અને રોકાણો સિવાય) તથા જવાબદારીઓ ચોપડે દર્શાવેલ કિંમતે ગણવી.

(૩) કંપની પાઘડીના રૂ. ૪૦,૦૦૦ ચુકવવા સહમત થઈ છે.

(૪) કંપનીએ ખરીદ કિંમત પેટે રૂ. ૧૦,૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ.૧૦ના આપ્યા અને બાકીની રકમ રોકડમાં ચુકવી.

ભાગીદારોએ રોકાણો રૂ. ૧૦,૦૦૦માં વેચ્યા હતા અને ૭,૦૦૦ ઈક્વિટી શૅરો શૅરદીઠ રૂ. ૧૨ પ્રમાણે વેચ્યા હતા તથા બાકીના શૅર નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી લીધા.

**તૈયાર કરો :**

(૧) માલમિલકત નિકાલ ખાતું

(૨) ભાગીદારોનાં મૂડી ખાતા

(૩) રોકડ અને બેન્ક ખાતું

૪ વીર અને વીરુ એક કોમ્યુનિટી હોલ બાંધવાના સંયુક્ત સાહસમાં જોડાયા. તેઓ નફો કે નુકસાન અનુક્રમે ૫ઃ૩ના પ્રમાણમાં વહેંચશે. તેઓએ સંયુક્ત સાહસ માટે સંયુક્ત બેંક ખાતું ખોલાવ્યું જેમાં વીરે રૂ. ૪,૦૦,૦૦૦ અને વીરુએ રૂ. ૩,૦૦,૦૦૦ જમા કરાવ્યા. કરાર કિંમત રૂ. ૧૮,૦૦,૦૦૦ નક્કી થઈ જેમાંથી ૭૦ ટકા રકમ રોકડમાં ચુકવવામાં આવશે અને બાકીની ૩૦ ટકા રકમના કરાર આપનારના ડિબેન્ચરમાં ચુકવવામાં આવશે. સંયુક્ત બેંક ખાતામાંથી નીચેના ખર્ચા ચુકવવામાં આવ્યા.

આર્કિટેક્ટ ફી .................................. રૂ.૧,૦૦,૦૦૦

માલસામાન .................................. રૂ. ૭,૫૦,૦૦૦

મજૂરી .................................. રૂ. ૨,૩૦,૦૦૦

વીરે રૂ. ૧,૩૦,૦૦૦ની કિંમતનો માલસામાન પોતાના સ્ટોકમાંથી આપ્યો અને રૂ. ૧,૨૦૦ ગાડીભાડાના ચુકવ્યા. વીરુએ સુપરવાઈઝર તરીકે કાર્ય કરેલ છે. તેને વળતર તરીકે રૂ. ૩૬,૦૦૦ ચુકવવાના છે.

કરાર પૂરા થતાં નક્કી થયા પ્રમાણે કરાર કિંમત મળી. કરાર આપનારના ડિબેન્ચરમાંથી રૂ. ૩,૦૦,૦૦૦ના ડિબેન્ચર ૨૦ ટકાના વટાવે વેચવામાં આવ્યા અને બાકીના ડિબેન્ચર વીરે અડધી કિંમતે ખરીદી લીધા.

ભાગીદારોનાં ખાતા સંયુક્ત બેંકમાંથી રકમ ચુકવી બંધ કર્યા. ઉપરોક્ત વિગત પરથી તૈયાર કરો :

(૧) સંયુક્ત સાહસ ખાતું

(૨) સંયુક્ત બેંક ખાતું

(૩) ભાગીદારોનાં મૂડી ખાતા

**અથવા**

૪ એક વહાણ ચૈતન્ય તા.૧-૧-૨૦૧૦ના રોજ પોરબંદરથી મુંબઈની સફર શરૂ કરી અને ૧૪-૩-૨૦૧૦ના રોજ મુંબઈથી પોરબંદર પરત ફર્યું. જતી વખતના નૂર પર ૧૦ ટકા અને વળતી વખતના નૂર પર ૨૦ ટકા લેખે પ્રાઈમેજ ગણેલ છે. આ ઉપરાંત જતી વખતના નૂર પર ૧ ટકા અને વળતી વખતના નૂર પર ૨ ટકા (પ્રાઈમેજ ધ્યાનમાં લેવાનું નથી) એડ્રેસ કમિશન ગણેલ છે.

| **વિગત** | **રૂ.** |
|---|---|
| બંદર પરની મજૂરી | ૨,૭૫,૦૦૦ |
| કેપ્ટનનો પગાર (દ્વિમાસિક) | ૩૦,૦૦૦ |
| વહીવટી ખર્ચા (માસિક) | ૨૨,૫૦૦ |
| પગાર (અર્ધવાર્ષિક) | ૩,૭૫,૦૦૦ |

ટપાલ ભાડું ............................................................ ૧,૦૦,૦૦૦
વહાણનું વી. પ્રિ. (ત્રિમાસિક) ........................................ ૫૬,૨૫૦
બળતણનો શરૂનો સ્ટોક .................................................. ૫૦,૦૦૦
બળતણની ખરીદી........................................................ ૧,૫૦,૦૦૦
પરચૂરણ ખર્ચા .......................................................... ૧૨,૦૦૦
માલસામગ્રીનો વપરાશ (વાર્ષિક) ........................................ ૨,૪૦,૦૦૦
પેસેન્જરનું ભાડું ........................................................ ૫૦,૦૦૦
પ્રાઈમેજ ................................................................ ૩,૦૦,૦૦૦

વહાણ પાંચ વર્ષ પહેલાં ખરીદેલું, ઘસારો વાર્ષિક ૧૦ ટકા સીધી લીટીની પદ્ધતિએ પડતર કિંમત પર ગણાય છે. તા.૧-૧-૨૦૧૦ના રોજ વહાણની ચોપડા કિંમત રૂ. ૫,૦૦,૦૦૦ છે. ચાલુ વર્ષે પણ ઘસારો સમાન દરે ગણવાનો છે.

નૂરનો વીમો એ કુલ નૂરના ૧ ટકા લેખેનો છે.

મેનેજરને તેનું કમિશન બાદ કર્યા પછીના ચોખ્ખા નફા પર ૧૦ ટકા લેખે કમિશન આપવાનું છે. બળતણનો આખર સ્ટોક રૂ. ૭૫,૦૦૦ છે.

સફર ખાતું તૈયાર કરો :

૫ એ, બી અને સી ૪:૫:૧ના પ્રમાણમાં ન.નુ. વહેંચતા ભાગીદારો છે. તેમનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| દેવા | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| લેણદારો | ૫,૦૦૦ | હાથ પર રોકડ | ૧,૫૦૦ |
| એ ની લોન | ૩,૦૦૦ | અન્ય મિલકતો | ૨૮,૦૦૦ |
| બી ની લોન | ૧,૫૦૦ | | |
| અનામત | ૩,૦૦૦ | | |
| આકસ્મિક અનામત | ૨,૦૦૦ | | |
| મૂડી | | | |
| એ | ૭,૫૦૦ | | |
| બી | ૬,૦૦૦ | | |
| સી | ૧,૫૦૦ | | |
| | **૨૯,૫૦૦** | | **૨૯,૫૦૦** |

તેમની પેઢીનું વિસર્જન થયું અને મિલકતોના નીચે મુજબ ઉપજ્યા :

પ્રથમ હપતો ........................................ ૫,૦૦૦

બીજો હપતો ...................................... ૧૦,૦૦૦

ત્રીજો હપતો ........................................ ૮,૫૦૦

વિસર્જનની તારીખે એક આકસ્મિક જવાબદારી રૂ. ૫૦૦ની હતી. જે બીજા હપતા વખતે રૂ. ૩૫૦માં ચુકતે કરવામાં આવી. વિસર્જન ખર્ચ રૂ. ૧૦૦૦ અંદાજવામાં આવ્યો હતો. ખરેખર ખર્ચ રૂ ૭૫૦ થયો હતો. ત્રીજા હપતા વખતે રૂ. ૨૫૦ સ્ટોક સી લઈ જાય છે. જેની હિસાબોમાં જોગવાઈ કરી ન હતી તેવી રકમ રૂ. ૩૦૦ પેઢીને ત્રીજા હપતા વખતે ચુકવવી પડી.

મહત્તમ નુકસાનની પદ્ધતિથી રોકડની વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

**અથવા**

૫ ઉષા લિ.એ નિષા લિ. પાસેથી તા.૧-૧-૨૦૦૭ના રોજ ભાડા ખરીદ પદ્ધતિએ એક યંત્ર ખરીદ્યું. યંત્રની ખરીદી પેટે ઉષા લિ. નીચે પ્રમાણેની રકમો ચુકવી હતી.

તા.૧-૧-૨૦૦૭ ......................રોકડ કિંમતના ૧૦ ટકા

તા.૩૧-૧૨-૨૦૦૭ ............................ રૂ. ૮૯,૦૦૦

તા.૩૧-૧૨-૨૦૦૮ ............................ રૂ. ૬૫,૦૦૦

તા.૩૧-૧૨-૨૦૦૯ ............................ રૂ. ૪૨,૦૦૦

હપતામાં ૫ ટકા લેખે વ્યાજની રકમનો સમાવેશ થાય છે. ઘસારો ૧૦ ટકા મુજબ સીધી લીટીની રીતે ગણવાનો છે. ઉષા લિ.ના ચોપડામાં યંત્ર ખાતું અને નિષા લિ.નું ખાતું તૈયાર કરો.

૬ ટૂંકનોંધ લખો : (ગમે તે ત્રણ)

(૧) ગાર્નર વિ. મુરે કેસની મર્યાદા

(૨) પાકું સરવૈયું તૈયાર કરવાના હેતુઓ

(૩) વેચાણ આંકડો

(૪) સ્ટોક અને દેવાદારની પદ્ધતિ

(૫) પ્રમાણસર મૂડીની પદ્ધતિ.

## ENGLISH VERSION

**Instructions :** (1) As per the instructin no. 1 of page no. 1.
(2) Questions No. 1 is compulsory.
(3) Questions No. 2 to 6 carry equal marks.
(4) Show your necessary calculation.

**1** (1) A remittance of Rs. 5,000 in cash which was made by the Amroli branch to Head Office on 29-3-09 was received by the Head Office of Surat, on 3-4-2009. The accounting year closed on March $31^{st}$. pass the journal entries in the books of Head Office and branch both. **10**

(2) Sneh of Surar sent on consignment 5,000 plastic pipes of Rs. 100 each to Het of Mumbai. He paid Rs. 20,000 for freight and insurance premium.

500 pipes were destroyed by fire in transit and insurance co. accepted a claim of Rs. 40,000. Pass journal abnormal loss.

(3) Classify the following assets in to tangible, intangible and fictitious assets.

Railway sidings, Goodwill, Advertisement suspenses A/c, Development expenditure, patent, furniture, cash, Trademark.

(4) Aaju, Baju and Kaju are the partners sharing the profit/loss in the ratio of 6:8:4 respectively. Their capital is Rs. 14,000, Rs. 7000 and Rs. 6000 respectively.

On selling of Assets, the first installment Rs. 11,250 is received. Distribute this installment among the partners by surplus capital method.

(5) Girnar, Himalay, Saputara and Abu are equal partners. Their capital Rs. 25,000 (Cr.), Rs. 10,000 (Cr.), Rs. 10,000 (Dr.) Rs. 15,500 (Dr.) respectively. Realization loss is Rs. 10,000 Abu was declared insolvent and nothing could be recovered from his assets pass the journal entries of deficiency.

2 Vinod Radio consigned 500 radios to Venus Radio Service on 1-3-2009 the cost price was Rs. 600 per radio, but the pro-forma invoice was made out at figure so as to show a profit of 25% on invoice price.

On the same day, Vinod radio incurred the following expenses :

Carriage Rs. 1000

Freight Rs. 15,000

InsuranceRs. 12,500

On the Same day Venus Radio Service sent a bank draft for Rs. 122000 on 30$^{th}$ June 2009 Venus Radio Service sent an. Account sale and a bank draft for the amount payable. According to the account sale 300 radios were sold at. Rs. 820 each for cash. 50 radios were sold at Rs. 850 each to Vijay on credit and 20 radios were sold at Rs. 840 each to Kamal on the recommendation and responsibility of Vinod Radios. Selling expenses incurred Rs. 5,225; Octroi incurred Rs. 3500.

Vijay and Kamal became bankrupt and Venus Radio could recover only 80% from their estate.

Venus Radio Service is entitled to receive a commission of 5% on sale and 2% del credere commission on credit sales and 1/7 share of the net profit on consignment after deducting both his commission and share of profits.

Prepare consignment account.

**OR**

2 Sneh has a branch in Bharuch. the head office sends goods to branch at an invoice price by adding 25% profit on cost price. The branch makes cash as well as credit sales. All the expenses of the branch are paid by the head office. The head office sends petty cash to the branch for miscellaneous expenses. The cash collected by the branch is credited in the bank account of head office daily. After considering the following information, prepare branch account, branch trading and profit and loss account in the books of the head office for the year ended 31$^{st}$ march 2009.

| Particulars | 31-3-2008 | 31-3-2009 |
|---|---|---|
| Debtors | 48,750 | 54,000 |
| Furniture | 12,000 | ? |
| Petty cash | 675 | 525 |
| Stock (invoice price) | 78,750 | 71,250 |
| Rent outstanding | 900 | |
| Outstanding Wages and salary | – | 1,125 |

**Other Particulars**

| | |
|---|---|
| Goods sent to branch (invoice price) | 2,06,250 |
| Furniture sent to branch (1-7-2009) | 9,750 |
| Goods returned by branch (invoice price) | 8,250 |
| Cash sales | 56,250 |
| Total sales | 2,88,750 |
| Goods returned by debtors | 12,750 |
| Discount allowed | 1,125 |
| Bad debts | 4,500 |
| Cash directly sent to head office by debtors | 51,000 |
| **Expenses paid by H.O.** | |
| Wages and salary | 10,500 |
| Rent | 11,400 |
| Insurance (up to 30-6-2009) | 3,600 |
| Advertisement | 9,750 |
| Petty cash sent to branch | 225 |

Calculate 8% dep. on furniture

3. O, P and Q are the partners sharing profits and loss equally. Balance sheet as at 31-3-2009

| Liabilities | Rs. | Assets | | Rs. |
|---|---|---|---|---|
| Capital Account : | | Goodwill | | 10,000 |
| O | 27,000 | Building | | 30,000 |
| P | 17,000 | Stock | | 15,000 |
| Q | 11,000 | Debtors | 25,000 | |
| General Reserve | 3,000 | Less Bad debts | 5,000 | 20,000 |
| Bank loan | 30,000 | Cash | | 16,000 |
| Creditors | 12,000 | Profit & Loss A/c | | 9,000 |
| | **1,00,000** | | | **1,00,000** |

The firm was dissolved on 1-4-2009. Following information has been obtained pertaining to dissolution :

(1) O has taken building for Rs. 20,000 and has accepted to pay bank loan along with interest of Rs. 5000.

(2) Stock realized Rs. 13,000 and amount has been collected from debtors after allowing them 5% discount.

(3) Creditors have been paid at a discount of 10%.

(4) A discounted bills receivable of Rs. 7000 was dishonored and the firm paid the said amount.

(5) Unrecorded investment of Rs. 3000 realized Rs. 2000.

(6) P accepted to pay dissolution expenses for which the firm agreed to pay Rs. 1200. The actual dissolution expenses amounted Rs. 1000.

(7) Q was declared insolvent and nothing could be realized from her personal assets. From the above information for closing the books of the firm as per "Garner V/s Murray decision" prepare.

    (1) Realization account
    (2) Partners capital account
    (3) Cash account.

**OR**

3 Geet, Sangeet and Sur are partners sharing profit and loss in the ratio of 5:3:2 their balance sheet as on 31$^{st}$ march 2009 is as under :

| **Liabilities** | | **Rs.** | **Assets** | **Rs.** |
|---|---|---|---|---|
| Capital account | | | Land & Building | 1,28,000 |
| Geet | 75,000 | | Machinery | 60,000 |
| Sangeet | 45,000 | | Investment | 12,000 |
| Sur | 65,000 | 1,85,000 | Bill receivable | 5,200 |
| Creditors | | 45,000 | Stock | 9,000 |
| Bills payable | | 6,500 | Cash & Bank | 12,800 |
| Unpaid Expenses | | 500 | Advertisement | |
| Reserve fund | | 5,000 | Campaign | 15,000 |
| | | **2,42,000** | | **2,42,000** |

The business of firm is sold to Geet-Sangeet Limited on following conditions :

(1) Revaluated assets are machinery Rs. 80,000 stock Rs. 12,000 and Building Rs. 62,800.

(2) Other assets (except cash and investment) and liabilities to be considered as at book value.

(3) Company agreed to pay 4000 as Goodwill.

(4) Company paid 10,000 Equity shares each of Rs. 10 for purchase price and remaining amount paid in cash.

Partners sold investment at Rs. 10,000 and sold 7000 equity shares at Rs. 12 each and were taken over by the partners in their profit sharing ratio.

Prepare :

(1) Realization account

(2) Partners capital account

(3) Cash and bank account.

4 Vir and Viru agreed to construct community hall. They decided to share profit or loss in 5:3 respectively.

A bank account is opened in which Vir and Viru deposited Rs. 4,00,000 and Rs. 3,00,000.

The contract price was agreed at Rs. 18,00,000 payable 70% by cash and the balance 30% by debentures. (of the contract fee.)

Amount paid as expenses from their joint bank account.

Architect fees ....................................... Rs. 1,00,000

Material ............................................... Rs. 7,50,000

Wages .................................................. Rs. 2,30,000

Material of Rs. 1,30,000 supplied by Vir from his stock and paid Rs. 1200 for carriage. Remuneration of Rs. 36,000 is to be paid to Viru for his supervision work.

Contract price was received as per agreement on campletion of the contract.

Debentrue of Rs. 3,00,000 were sold at 20% discount from contractee's debentures and remaining debentures were purchased by Vir at half the price.

Partners account were closed after amount paid from joint bank account.

From the above details prepare :

(1) Joint venture account

(2) Joint bank account

(3) Partners account

**OR**

4 A ship Swarnim commenced its voyage on 1-1-2010 from Kandala to Mumbai and returned on 14-3-2010.

Primage

10% of Outward Freight and

20% Return Freight

Address commission :

1% of Outward Freight

2% of Return Freight

Primage is not to be taken in to consideration

| **Particulars** | **Rs.** |
|---|---|
| Wages on port | 2,75,000 |
| Captain's salaries (for two month) | 30,000 |
| Administrative expenses (monthly) | 22,500 |
| Salaries (half-yearly) | 3,75,000 |
| Mail money | 1,00,000 |
| Premium of ship insurance (For three month) | 56,250 |
| Fuel charges | |
| Opening stock | 50,000 |
| Purchases | 1,50,000 |
| Sundry expenses | 12,000 |
| Material used (Annual) | 2,40,000 |
| Passage money | 50,000 |
| Primage | 3,00,000 |

The ship was pruchased before five years. Depreciation is charged at 10% per annum on the cost price by straight line method. On 1-1-2010 the book value of the ship was Rs. 5,00,000 depreciation is to be charged for the current year at the same rate.

Insurance on freight 1% of total freight.

The manger is to be given 10% commission on the net profit after chrging such commission. Fuel on hand at the end of the voyage estimated at Rs. 75,000.

Prepare voyage A/c.

5 A, B and C share profit and loss in the proportion of 4:5:1. Their balance sheet is as follows :

| **Liabilities** | **Rs.** | **Assets** | **Rs.** |
|---|---|---|---|
| Creditors | 5,000 | Cash is hand | 1,500 |
| Loan | | Other assets | 28,000 |
| A | 3,000 | | |
| B | 1,500 | | |
| Reserve fund | 3,000 | | |
| Contingency reserve | 2,000 | | |
| Capital | | | |
| A | 7,500 | | |
| B | 6,000 | | |
| C | 1,500 | | |
| | **29,500** | | **29,500** |

The partnership is dissolved and the assets realized as follows :
First installment........................................... 5,000
Second installment ..................................... 10,000
Third installment ......................................... 8,500

On the date of the dissolution there was a contingent liability of Rs. 500 against the firm which as settled at Rs. 350 at the time of second installment. Realization expenses were estimated at Rs. 1,000 but these actually amounted to Rs. 750. C took stock worth Rs. 250 at time of third installment. The firm was forced to pay Rs. 300 out of third installment for which no provision was made in the books.

Prepare statement showing piecemeal distribution of cash as per maximum loss method.

**OR**

**5** Usha Co. Ltd. purchased one machine from Nisha Co. Ltd. On 1-1-2007 on hire purchase method. Usha Co. Ltd. had paid following amounts towards the purchase of the machine :

On 1-1-2007 .............................. 10% of cash price

On 31-12-2007 ...................................... Rs. 89,000

On 31-12-2008 ...................................... Rs. 65,000

On 31-12-2009 ...................................... Rs. 42,000

Installments include interest at the rate of 5% per annum. Depreciation is to be charged at the rate of 10% as per stright line method.

Prepare machinery A/c and Nisha Ltd. A/c in the books of Usha Co. Ltd.

**6** Write short notes : (any **three**)

(1) Limitations of Garner V/s Murry case

(2) Purposes or objective of preparing balance sheet

(3) Account sales

(4) Stock and debtors system

(5) Proportionate capital method.